**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૬ ટકા

# ગાંધીનગર સિવિલમાં ૨૦ વેન્ટીલેટર મશીન આવ્યા

## હાલ હોસ્પિટલમાં કુલ ૭૦ જેટલા વેન્ટીલેટર ઉપલબ્ધ




ગાંધીનગર, તા.૪

વૈશ્વિક કક્ષાએ કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોના દર્દીઓનો આંકડો રોજ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ગુજરાતમાં પણ કોરોનાએ અજગરી ભરડો લેતા ૬૫ હજારને કોરોના કેસ થવા આવ્યા છે. જયારે પાટનગર ગાંધીનગરમાં પણ ૧૬૦૦થી વધુ કેસ કોરોનાના નોંધાયા છે. જેથી પાટનગરની સિવિલમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. જેમાં અત્યારે હાલ અંદાજીત ૧૬૫ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે કોરોનાના દર્દીઓના મૃત્યુના બનાવ પણ બની રહ્યા છે. જેને અનુલક્ષી સિવિલના ઉચ્ચકક્ષાના અધિકારીઓથી લઈ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર પણ ચિંતામાં છે. જેથી કોવીડના દર્દીઓને સારવાર અને સુવિધા મળી રહે તે માટે પ્રધાનમંત્રી યોજના અન્વયે દિલ્હીથી ૨૦ વેન્ટીલેટર મશીન ગાંધીનગર કોવીડ હોસ્પિટલને ફાળવવામાં આવ્યા છે. આ વેન્ટીલેટર મશીનમાં બાયપેપનું અપગ્રેડેશન થયા પછી તે પછી વેન્ટીલેટરનો ઉપયોગ કરવામાં આવશે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં હાલના સમયે ધમણ સહિત ૭૦ વેન્ટીલેટર મશીન હાજર સ્ટોકમાં છે.

કોરોનામાં આરોગ્યલક્ષી સેવાઓ સતત સારી અને સુવિધાયુકત મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા એક તરફ કોરોનાના ટેસ્ટીંગ વધારતા કેસમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં હાલના સમયે ૧૬૫ થી વધુ દર્દીઓ હોવાથી પાંચમા માળે પણ નવો વોર્ડ તૈયાર કરાયો છે. શહેર જિલ્લાની અન્ય હોસ્પિટલો સાથે એમઓયુ કરીને ત્યાં પણ કોવીડ દર્દીઓની સારવાર અને સંભાળ લેવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં દર્દીના મૃત્યુંના કિસ્સા પણ વધી રહ્યા છે. ત્યારે આ પરિસ્થિતિમાં ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં આરોગ્યની સેવાઓ સુધરે તે માટે ઉચ્ચકક્ષાએથી આદેશ આપવામાં આવ્યા છે. સિવિલમાં સારવાર લઈ રહેલા ક્રિટીકલ દર્દીઓ કે જેઓને ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટરની સુવિધાની જરુર હોય તેવા દર્દીઓને ઝડપી અને સરળતાથી સુવિધા મળી રહે તે માટે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી યોજના અન્વયે દિલ્હીથી પાટનગરની કોવીડ હોસ્પિટલને ૨૦ વેન્ટીલેટર ફાળવવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને રાજય સરકાર તરફથી અગાઉ ૨૫ જેટલા વેન્ટીલેટર આપવામાં આવ્યા હતા. તો બીજીતરફ ધમણ-૧ પણ ૨૫ જેટલા ગાંધીનગર સિવિલ પાસે ઉપલબ્ધ છે, પરંતુ તેનો ઉપયોગ ડોકટર્સ દ્વારા કરવામાં આવતો નથી, ત્યારે કેન્દ્ર સરકાર તરફથી ૨૦ વેન્ટીલેટરની ભેટ મળી છે. ત્યારે કોવીડ હોસ્પિટલમાં ૭૦ જેટલા વેન્ટીલેટર હાજર છે જેમાં ધમણ-૧ નો પણ સમાવેશ થાય છે. દિલ્હીથી આવેલા ૨૦ વેન્ટીલેટરમાં બાયપેપનો મોડ નહી હોવાને પગલે તેમાં આ બાયપેપ મોડ અપગ્રેડ કર્યા બાદ તેનો ઉપયોગ કરી શકાશે.

# ગાંધીનગર ખાતે રાજયકક્ષાના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાશે

## જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૪

તા.૧૫મી ઓગષ્ટ, સ્વાતંત્ર્ય દિનની રાજય કક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક – સેન્ટ્રલ વિસ્ટા, બેંક ઓફ બરોડાની સામે ઉજવાશે. રાષ્ટ્રીય પર્વની ઉજવણીના સુચારું આયોજન અર્થે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, રાજયકક્ષાના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન ૧૫ ઓગષ્ટની ઉજવણી ગાંધીનગર ખાતે ગરિમાપૂર્ણ રીતે કરવામાં આવશે. કોવિડ- ૧૯ના કારણે સોશિયલ ડિસ્ટન્સીંગ ખાસ જળવાઈ રહે તેની તકેદારી રાખવા પણ જણાવ્યું હતું. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સહભાગી બનનાર સર્વે લોકોને માસ્ક પહેરવાનું ફરજિયાત રહેશે. તેમજ સેનિટાઈઝર થઈને ઉજવણીમાં સર્વે લોકો સહભાગી બને તેવી ટર્નલ પણ બનાવવાનું પણ તેમણે ખાસ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય પર્વની ઉજવણીના પ્રસંગે કોરોના વોરિયર્સનું સન્માન કરવામાં આવશે. તેમજ બેઠકમાં કાર્યક્રમના સુચારું આયોજન અર્થે સ્વચ્છતા, સ્ટેજ, સુશોભન, બેઠક વ્યવસ્થા, સેનિટાઈઝર જેવી એનક વ્યવસ્થા કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે ગાંધીનગરની સરકારી ઈમારતોને રાત્રિ દરમ્યાન રોશનીથી શણગારવામાં આવશે. આ બેઠકમાં જિલ્લાના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.




ઠંડી ઠંડી વરસાદી ઋતુમાં ગરમાગરમ બાફેલી મકાઈ ખાવાની મજા જ કંઈ ઓર છે પરંતુ શહેરમાં વરસાદ સંતાકુકડી રમી રહ્યો છે જયારે શરૂ થયો ત્યારે એવું લાગતું હતું કે હવે ચોમાસું બરાબર જામી ગયું છે પરંતુ કયારે વસાદ હાથ તાળી દઈને છટકી ગયો તેની ખબર જ ના પડી. મકાઈની લારીઓવાળા કયારે મેઘો વરસેને ઘરાકી ખુલે તેની મીટ માંડીને બેઠા છે.

# ગાંધીનગર જિલ્લાના શાકભાજી ફળ અને ફુલ પાકોના છુટક વેચાણકારો જોગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના શાકભાજી, ફળ તેમજ ફુલપાકોનું રોડ સાઈડમાં વેચાણ કરતા તમામ વેચાણ કારોને જણાવવાનુ કે રાજય સરકારશ્રી દ્વારા આત્મનિર્ભર ગુજરાત પેકેજ અંતર્ગત ઉપરોકત વેચાણકારોને વિનામુલ્યે છત્રીઓનુ વિતરણ કરવામાં આવનાર છે. સદર યોજનાનો લાભ લેવા માટે કુટુંબ દીઠ એક વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.

લાભ લેવા માટે WWW.IKHEDUT.GUJARAT.GOV.IN પર ઓનલાઈન અરજી કરી જરૂરી સાધનીક કાગળો જેવા કે રેશનકાર્ડ, આધારકાર્ડ તથા ઓનલાઈન અરજીની પ્રિન્ટ ગ્રામસેવકશ્રીના દાખલા સાથે જોડી નાયબબાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક સેકટર-૧૧, ગાંધીનગર ખાતે જમા કરાવવાનું રહેશે. વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીના ફોન નંબર – ૦૭૯ ૨૩૨ ૫૭૭૬૦ અથવા ઈમેલ dydir-bag-gnr@gujarat.gov.in સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકશ્રીએ જણાવ્યું છે.

# સેકટર-૧૯ -ઘ ટાઈપમાંથી ૪૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના વીઆઈપી સેકટર-૧૯માં ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. સરકારી ઘ ટાઈપ મકાનમાં રહેતો પરિવાર તહેવારમાં બાલાસિનોર ગયો હતો. તે સમયે ચોર ઈસમો ત્રાટકી ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીની વસ્તુ, રોકડા સહિત કુલ રૂ.૪૫ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૯ બ્લોક નં.૨૮૩-૩ ઘ ટાઈપ ખાતે રહેતા અસલમ શેખ પરિવાર સાથે વતન બાલાસિનોર ગયા હતા. તા.૧ ઓગસ્ટના રોજ તહેવાર નિમિતે બાલાસિનોર ગયેલ પરિવાર તા.૩ ઓગસ્ટના રોજ પરત ફર્યો હતો. પરિવાર ઘરનો દરવાજા ખોલવા જતા દરવાજો ખુલ્લો હતો,જેથી ઘરમાં અંદર જઈને તપાસ કરતા ઘરનો સામાન વેર-વિખેર પડ્યો હતો. તે ઉપરાંત પૈસાનો ગલ્લો પણ તુટેલી હાલતમાં પડ્યો હતો. બેડરૂમમાં રહેલુ કબાટ પણ ખુલ્લું હતું અનો સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો. પરિવારે ચેક કરતારૂ.૧૫ હજાર રોકડા, ૧૭,૫૦૦ની કિંમતની સોનાની બે વીંટી, રૂ.૧૨ હજારની બે જોડ ચાંદીની ઝાંઝર તેમજ રૂ.૫ હજારની નાકમાં પહેરવારની પાંચ નંગ ચુની ગાયબ હતી. વીઆઈપી સેકટર-૧૯માં ચોરીની ઘટના બનતા સ્થાનિક નાગરીકોમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો હતો. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે એફએસએલની મદદથી ઘટના સ્થળની તપાસ કરી હતી. સેકટર-૨૧ પોલીસ મથકે રહેમતબેન અસલમભાઈ શેખે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તેમને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



લીલીછમ હરિયાળી વચ્ચે નીલગાય. પ્રકૃતિ અને પ્રાણી બંને એકબીજા સાથે સંકળાયેલા છે. શહેરના વસાહતની વચ્ચે આ પ્રકારના દશ્યો જોવા મળતા જ કોઈ સેન્ચ્યુરી કે નેશનલ પાર્કની મુસાફર કરવાનું મન અચુક થાય.

વનશ્રી ટ્રસ્ટ અને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા ગાંધીનગરના ૫૬માં જન્મ દિવસ નિમિતે ૫૬ વૃક્ષો



વાવીને વૃક્ષો વાવવા સાથે ઉછેરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જે સંદર્ભે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ફાધર એન્થોની ક્રૂઝ, સુપરવાઈઝર માર્શલ જેવિયાર, ડોલી ક્રિશ્ચયન, આનંદ પરમાર સર દ્વારા હાજર રહીને વૃક્ષો ઉગાડીને ઉછેરવાની જવાબદારી લેવામાં આવી હતી. અને ગાંધીનગર જિલ્લાના વાઈલ્ડ લાઈફ વોર્ડન અંજના નિમાવત દ્વારા વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વનશ્રી ટ્રસ્ટના સ્વયં સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## આઇ.ટી.આઇ ગાંધીનગર (મહિલા) ખાતે વિના મૂલ્યે તાલીમ મેળવવાની તક

ગાંધીનગર, તા.૪

મહિલા આઇ.ટી.આઇ ગાંધીનગર ખાતે હાલમાં કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (કોપા), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેકનોલોજી, ફેશન ડિઝાઈન એન્ડ ટેકનોલોજી ટ્રેડમાં વિનામૂલ્યે તાલીમ માટે પ્રવેશની કામગીરી ચાલુ છે. જેમાં ૮ પાસ અને ૧૦ પાસ ઉમેદવારોને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. સંસ્થા ખાતે એડમિશન-૨૦૨૦ માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦-૮-૨૦ તેમજ સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જરૂરી ડોક્યુમેન્ટ સાથે જમા કરાવી રજીસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તારીખ ૨૧-૮-૨૦૨૦ સુધી લંબાવેલ છે. વધુમાં ઉમેદવારો તહેવારો સિવાયની બીજો-ચોથો શનિવાર તેમજ રવિવારની જાહેર રજામાં પણ આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવી રજીસ્ટ્રેશન કરાવી શકશે. ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવા માટે www.itiadmission. gujarat.gov.in સાઈટ જોવી અથવા રૂબરૂ મુલાકાત લેવા આચાર્યશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.



રક્ષાબંધન પર્વ ખાતે સેવા વસ્તી, જીઈબી ક્રોસ રોડમાં રક્ષા પોટલી, ચોકલેટ અને કપડા વિતરણમાં શિવાજી પ્રભાત શાખાના સંનિષ્ઠ કાર્યકર પ્રવિણભાઈ રામી સાથે જાગૃત વસાહત ફોરમના મહેન્દ્રભાઈ કે. ચૌહાણ જોડાયા હતા.

### ચિરવિદાય

- સ્વ. બળદેવજી ચુંથાજી ઠાકોર, ઉ.વ. ૭૩, શિહોલી મોટી, જી. ગાંધીનગર
- સ્વ. ચંદ્રકાન્ત મોહનલાલ મિસ્ત્રી, ઉ.વ. ૭૫, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. કૈલાસચંદ્ર રામસ્વરૂપ ગુપ્તા, ઉ.વ. ૮૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર બેચરજી ધુળાજી, ઉ.વ. ૮૦, જામળા, તા. કલોલ
- સ્વ. અમૃતલાલ મંગળદાસ પટેલ, ઉ.વ. ૭૮, સેકટર-૨૬, ગાંધીનગર

# કડી કેમ્પસની મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના બે ઉમેદવારો યુપીએસસીમાં ઉત્તીર્ણ

## દેશભરમાંથી ૮૨૫ ઉમેદવારો પાસ થયા : મમતાના સંદીપ રૂપેલા અને પ્રણવ અગ્જાનું આઈએએસ બનવાનું સ્વપ્ન સાકાર થયું

ગાંધીનગર, તા.૪

આજે ભારતીય સનદી સેવા-આઈએએસ માટે યુપીએસસીની પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જેમાં દેશભરમાંથી ૮૨૫ ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે. આ ઉમેદવારોમાં ગાંધીનગરના કડી કેમ્પસ ખાતે ચાલી રહેલા મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના બે ઉમેદવારોનો સમાવેશ થાય છે. મમતાના સંદીપ રૂપેલા અને પ્રણવ અગ્જાએ અનુક્રમે ૭૦૧ અને ૭૫૫મો રેન્ક પ્રાપ્ત કર્યો છે.

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસમાં કાર્યરત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર દ્વારા ભારતીય સનદી અધિકારી બનવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કરવા માટેના તાલીમ વર્ગો ચલાવાય છે. જેમાંથી અનેક વિદ્યાર્થીઓ અગાઉ પણ યુપીએસસી પાસ કરીને દેશમાં વિવિધ હોદ્દા પર તેમની સેવાઓ આપી રહ્યા છે. આ વર્ષે પણ જાહેર થયેલ યુપીએસસી-સીએસઈ-૨૦૧૯ પરીક્ષાના પરિણામમાં દેશભરમાંથી જે ૮૨૫ ઉમેદવારો પસંદગી પામ્યા તેમાં મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના બે ઉમેદવારોની પસંદગી થવા પામી છે. જેમાંથી એક સંદીપ મુકેશકુમાર રૂપેલા છે જેઓ ઓલ ઈન્ડિયા રેન્કિંગમાં ૭૦૧માં ક્રમાંકે પસંદગી પામ્યા છે. મૂળ અમદાવાદના વતની સંદીપ રૂપેલા બીકોમનો અભ્યાસ કર્યા બાદ જીપીએસસી પાસ કરીને રાજય સરકારમાં વર્ગ-૨ના એકાઉન્ટ અધિકારી તરીકે સેવાઓ આપી રહ્યા છે. યુપીએસસી પાસ કરવા માટે તેમનો આ છઠ્ઠો પ્રયાસ હતો જેમાં તેમણે 'મમતા'ના સહારે



સફળતા પ્રાપ્ત કરી છે.

આ ઉપરાંત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના વધુ એક ઉમેદવાર પ્રણવ ગોવિંદભાઈ અગ્જા જેઓ મૂળ મહેસાણાના સાંગણપુરના વતની છે અને તેમણે ગાંધીનગરની સેંટ ઝેવિયર્સમાંથી ધો-૧૨ સુધીનો અભ્યાસ કર્યા બાદ તેઓએ નિરમા યુનિવર્સિટીમાંથી કોમ્પ્યુટર એન્જિનીયરીંગ કરેલું છે અને બેંક ઓફ બરોડામાં થોડા સમય માટે પ્રોબેશનરી ઓફિસરની નોકરી કર્યા બાદ ૨૦૧૪માં તેઓ મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરમાં જોડાયા હતા. આ સાથે તેઓ હાલમાં રાજયના વેરા અધિકારી વર્ગ-૨ તરીકે તેમની સેવા આપી રહ્યા છે. યુપીએસસી માટે આ તેમનો ૯મો પ્રયાસ હતો જેમાં તેમણે સફળતા મેળવી છે. બંને યુવા ઉમેદવારોની પસંદગી સાથે સમગ્ર કડી કેમ્પસમાં આનંદની લહેર પ્રસરવા પામી છે અને મમતા આઈએસ ટ્રેનિંગ સેન્ટરના સંચાલકો દ્વારા બંને ઉમેદવારોને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સ્વજનગૃહ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે પ્રકૃતિ વંદના અને રક્ષાવંદનાનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૪

રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગરના ઉપક્રમે સ્વજન ગૃહ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ,ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ તેમજ સફાઈ કામદારને રક્ષાબંધનનો કાર્યક્મ આજરોજ યોજાયો હતો.

વિવિધ જાતના આયુર્વેદિક રોપાઓની સાથે ૫૦ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવેલ અને આ રોપાઓ જતન થઈને વૃક્ષોનું સ્વરૂપ ધારણ કરે તે માટે પણ કટિબદ્ધતા દાખવવામાં આવેલ. આ ઉપરાંત ખાસ સ્વજન ગૃહના કાર્યકરોને સંસ્થાની બહેનો દ્વારા રાખડી બાંધીને તેમના સુખાકારી ભવિષ્યના આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

જેમાં સંસ્થાના પ્રેસીડન્ટ ઈલાબહેન વૉરા, સેક્રેટરી હસમુખ મેકવાન, ચાર્ટર પ્રેસીડન્ટ જગતભાઈ કારાણી, પૂર્વ પ્રેસીડન્ટ એસ.કે.નંદા, યુવરાજસિંહ વાઘેલા, અરવિંદભાઈ રાણા, મનોજભાઈ સરૈયા, ઉદયભાઈ વૉરા, અભેરાજ ચૌધરી, રાજીવ ભંડારીજી, ગૌરાંગ રાવલ, લાભુબહેન ઓઝા, મેઘા ચૌહાણ, જયશ્રી ખેતિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા તેમજ સમગ્ર કાર્યક્રમનો સુંદર આતિથ્ય સત્કાર સ્વજન ગૃહના સંચાલક તેમજ રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના હોદ્દેદાર અને કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન રોટે. વિભાબહેન ઠક્કર દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ સોશિયલ ડીસ્ટન્સ જાળવીને સરકારની કોવિડની ગાઈડલાઈન મુજબ યોજવામાં આવ્યો હતો.